ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૬૩/૨૩-૨૪/ 143 તારીખ: 21 FEB 2024

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી વળીયા ખીમજીભાઈ નાનજીભાઈ,**
સીદસર-વાળુકડ રોડ,
મું.વાળુકડ, તા.ઘોઘા,
જી.ભાવનગર.

કેસ નં.૬૩/૨૩-૨૪

મો.નં- ૯૮૭૯૮૫૮૬૧૩

**વિષય : અમારા એલ.ટી.એમ.ડી કનેકશનનું ખોટું પુરવણી બિલ રદ કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૧/૧૨/૨૦૨૩ જે અત્રેની કચેરીને મળ્યા તા.૨૩/૧૨/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૩/૨૩-૨૪/૧૬૨૭ તા.૨૮/૧૨/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૩/૨૩-૨૪/૧૬૨૯ તા.૨૯/૧૨/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૦/૦૧/૨૦૨૪** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

બિડાણ:- ઉપર મુજબ.

**પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,**
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
**ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **વરતેજ.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

# ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૬૩/૨૩–૨૪** ☜

**વાદી** :– **શ્રી વળીયા ખીમજીભાઈ નાનજીભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૦/૦૧/૨૦૨૪** ◈

હાજર રહયા વાદી :– **શ્રી કડીયાર ભરતભાઈ ત્રિકમભાઈ (વાદી ના પ્રતિનિધિ)**
પ્રતિવાદી :– **શ્રી એસ.એલ.પટેલ, કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી વળીયા ખીમજીભાઈ નાનજીભાઈ, મું.વાળુકડ, તા.ઘોઘા, જી.ભાવનગરની એલ.ટી.એમ.ડી.કનેકશન નું ખોટું પુરવણી બિલ રદ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર ને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૩/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૩/૨૩–૨૪/ ૧૬૨૭ તા.૨૮/૧૨/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૦/૦૧/૨૦૨૪** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી વળીયા ખીમજીભાઈ નાનજીભાઈ વતી તેમના પ્રતિનિધિ શ્રી કડીયાર ભરતભાઈ ત્રિકમભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.એલ.પટેલ, કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ જય ભારત સાથ જણાવવાનું કે, અમો વાળુકડ રોડ મું.પો.વાળુકડ, તા.ઘોઘા ખાતે ગ્રાહક –૩૬૭૨૭૦૦૮૩૨૯ – ૯૦ કી.વો. નું એલટીએમડી જોડાણ ધરાવીએ છીએ. અમોએ સરકારના નિયમો પ્રમાણે અમારા સદર વીજ જોડાણના વપરાશ માટે રૂફટોપ સોલાર સીસ્ટમ લગાડેલ છે. જેના માટે પીજીવીસીએલ દ્વારા તા.૨૦/૦૬/૨૦૨૦ ના રોજ નવું મીટર મૂકી આપવામાં આવેલ હતું. જે મીટર પીજીવીસીએલ કંપનીના અધિકારીઓ દ્વારા તા.૨૫/૦૯/૨૦૨૦ ના રોજ ચેક કરવામાં આવેલ અને ચેકિંગ શીટ ન. ૪૦૯૫૩ ભરી આપવામાં આવેલ.

ત્યારબાદ અમારા એજ મીટરની ચકાસણી તા. ૦૯/૧૧/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ. જેમાં, તમામ ચકાસણી કરી ચેકીગ શીટ નં–૬૧૮૬૧ ભરવામાં આવેલ. આમ, તમામ ચેકીંગ દરમિયાન કોઈ ખામી ન જણાતા ફરીવાર સીલીગ કરી તેની નોંધ રદ કરવામાં આવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૨ ત્યારબાદ, તા.૨૧/૧૧/૨૦૨૩ ના રોજ પીજીવીસીએલ ના અધિકારીઓ દ્વારા આજ મીટર બદલવામાં આવેલ અને તેની ચકાસણી લેબમાં તા.૨૪/૧૧/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ ત્યારે વાયરીંગમાં ભુલ છે તેવું જણાવી અમોને તે મીટર લગાડયા ત્યારથી ભૂલ ગણી પુરવણી બિલ રૂ.૬૫,૫૦,૯૯૬/૪૨ આપેલ.

આ પુરવણી બિલ મળતા અમોએ નાયબ ઈજનેર, પીજીવીસીએલ, વરતેજ પેટા વિભાગીય કચેરીમાં તા.૦૮/૧૨/૨૦૨૩ ના રોજ અરજી કરેલ હતી. તેનો કોઈ પ્રત્યુતર ના મળતા અમોને આપની સમક્ષ અરજી કરવાની ફરજ પડેલી છે.

હકીકતમાં પુરવણી બીલ અન્યાયી છે ગેરકાયદેસર છે ગેરબંધારણીય છે આ પુરવણી બીલ માટે પીજીવીસીએલ કંપની દ્વારા કાયદાકીય જોગવાઈઓનું પાલન કરવામાં આવેલ નથી. જેના મુદા નીચે મુજબ છે.

(૧) તા.૦૯/૧૧/૨૦૨૩ ના રોજ ચેકીંગ દરમિયાન મીટર બરોબર જણાયેલ હતું. આથી ત્યારથી ભૂલ ગણી પુરવણી બીલ આપવું જોઈએ.

જે અંગે જીઈઆરસી સપ્લાય કોડ–૪/૨૦૧૫ ની કલમ–૬.૩૩ આધારીત છે. જેનું પીજીવીસીએલ દ્વારા પાલન થયેલ નથી. વિશેષમાં જીઈઆરસીના નોટીફીકેશન નં–૩ ઓફ ૨૦૧૫ ની કલમ – ૬.૩૩ નીચે મુજબ છે. ''The licensee shall dispatch the test report to the consumer, to be received under acknowledgment within two working days of the date of testing. In Case of faulty meter, rectification for a maximum period of six months or from the date of last testing, whichever is shorter, on the bases of the test report, shall be adjusted in the subsequent bill. ''

(૨) ઈલેક્ટ્રીસીટી એક્ટ –૨૦૦૩ સેકશન ૫૬(૨) ની જોગવાઈ મુજબ બે વષ થી વધારે સમયનું લેણું કંપની દ્વારા વસુલ કરી શકાય નહી. જે બાબત જીઈઆરસી સપ્લાય કોડ–૪/૨૦૧૫ ની કલમમાં પણ નિદે શ થયેલ છે. આમ, કંપની દ્વારા કાયદાનું પાલન થયેલ નથી. વધુમાં, The Electricity Act-2003 ના સેકશન 56(2) નીચે મુજબ છે.

'' Not Withstanding anything contained in any other law for the time being in force. No sum due from any consumer, under this section shall be recoverable after the Period of Two years from the date when such sum became first due unless such sum has been shown continuously as recoverable as arrear of charges for electricity supplied and the licensee shall not cut off the supply of the electricity. ''

પીજીવીસીએલ ના અધિકારીઓ દ્વારા કાયદાકીય જોગવાઈનું પાલન કયા વગર અમોને સદર પુરવણી બીલ આપવામાં આવેલ છે. આથી, માનનીય ફોરમ અધિકારીશ્રીઓને વિનંતી કરવાની કે, અમારૂં સદર પુરવણી બીલ રદ કરી કાયદાકીય જોગવાઈ અનુસાર રીવાઈઝ બીલ આપવા માટે પીજીવીસીએલ ને હુકમ કરવા વિનંતી. આભાર.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ ઉપરોકત વિષય અનુસંધાને આપને જણાવવાનું કે, આપ ૩૬૭૨૭/૦૦૮૩૨/૯ થી વાળીયા ખીમજીભાઈ નાનજીભાઈના નામનું એલટીએમડી કેટેગરીનું ૯૦ કિવો નું વીજ જોડાણ મુ.પો .વાળુકડ, ખાતે તા. ૩૦/૧૨/૨૦૦૪ થી ધરાવો છો. તેમજ આપના આ વીજ જોડાણમાં સોલાર ૪૫ કિવો લાગવાથી તા.૨૦/૦૬/૨૦૨૦ થી યુનીડાયરેકશનલ મીટર બદલીને બાયડાયરેકશનલ મીટર લગાડવામાં આવેલ હતું.

તા.૨૫/૦૯/૨૦૨૦ ના રોજ પીજીવીસીએલ ના સક્ષમ અધિકારી દ્વારા આ વીજ જોડાણમાં મીટર પેટીના સીલો ને યથાવત સ્થીતીમાં રાખીને મીટરનો એકયુરસી ટેસ્ટની ચકાસણી કરતા મીટર બરાબર હોવાનું જોવા મળેલ. જે અંગે તપાસણી અધિકારી દ્વારા તપાસણી અહેવાલ નં–૪૦૯૫૩ તૈયાર કરવામાં આવેલ હતો.

ત્યારબાદ, તા.૦૯/૧૧/૨૦૨૩ ના રોજ પીજીવીસીએલના સક્ષમ અધિકારી દ્વારા આ વીજ જોડાણના એમ.આર.આઈ ડેટા તથા મીટરનો એકયુરસી ટેસ્ટ લેવામાં આવેલ. જે તપાસણી શીટ નં – ૬૧૮૬૧ થી તૈયાર કરેલ, પરંતુ, ડાઉનલોડ કરેલ એમ.આર.આઈ ડેટા ડમ્પ થયેલ ન હતા. જેથી, રેકર્ડ નો વધુ અભ્યાસ કરતા, સદર વીજ જોડાણમાં બાયડાયરેકશનલ મીટરમાં એકસપર્ટના યુનિટ સદર વીજ જોડાણના જનરેશન મીટરના યુનીટથી સતત વધારે આવતા હોવાનું જણાયેલ તેમજ પીઆરટી – ૧૪૫ નો અભ્યાસ કરતા બાયડાયરેકશનલ મીટર લગાડયા તારીખથી સતત એકસપર્ટ યુનીટની રકમ જમા આવતા હતી. જે બાબત વાદી દ્વારા પણ પીજીવીસીએલ કચેરી ખાતે કોઈપણ પ્રકારની લેખિત કે મૌખિક જાણ કરવામાં આવેલ નથી. જા વાદી દ્વારા આ બાબતે પીજીવીસીએલ કચેરી ખાતે લેખિત કે મૌખિક જાણ કરેલ હોત તો, જે તે સમયે આ બાબતનું નીરાકરણ લાવી શકાત. જેથી, તા.૨૦/૧૧/૨૦૨૩ ના રોજ સ્થળ પર ફરીથી એમ.આર.આઈ ડેટા ડી લેબ દ્વારા લીધેલ તેમજ પ્રફોર્મા નં–૩૦૨ માં નોંધ દર્શાવેલ છે કે, મીટર સાથે જોડાયેલ તમામ લોડ બંધ કરાવીને ચકાસતા સોલાર જનરેશન મીટરના યુનિટ બાયડાયરેકશનલ મીટરના ઈમ્પોર્ટ પેરામીટર માં નોંધાયેલ છે. જયારે ઈમ્પોર્ટ યુનિટ મીટરમાં એકસપર્ટ પેરામીટરમાં નોંધાય છે. જે મીટર સાથે જોડાયેલ ત્રણેય સીટી ના રીવર્સ કનેકશનના કારણે ઈમ્પોર્ટ ના યુનીટ એકસપોર્ટ માં અને એકસપોર્ટના યુનિટ ઈમ્પોર્ટમાં નોંધાય છે. તેમ માલૂમ પડેલ.

૨.૨ વાદીના ૪૫ કિવો સોલાર પ્રમાણે ૧ દિવસના અંદાજીત ૧૮૦ યુનીટનું જનરેશન થવું જોઈએ. એટલે કે, ૧ બીલીંગ સાયકલ દરમીયાન અંદાજીત ૫૪૦૦ યુનિટ નું જનરેશન થવું જોઈએ. પરંતુ, પીઆરટી – ૧૪૫ ના અભ્યાસ પરથી એ સ્પષ્ટ થાય છે કે, બાયડાયરેકશનલ મીટર લગાડયા તારીખથી સતત આપના બીલમાં એકસપોર્ટના યુનીટ ૫૪૦૦ યુનીટ થી ઘણા બધા વધારે આવેલ છે. જે પરથી સ્પષ્ટ થાય છે કે, સીટી ના રીવર્સ કનેકશનના કારણે ઈમ્પોર્ટના યુનીટ એકસપોર્ટ માં અને એકસપોર્ટના યુનીટ ઈમ્પોર્ટમાં નોંધાયેલ છે.
તા.૨૦/૧૧/૨૦૨૩ ના રોજ સ્થળ પર લીધેલ એમઆરઆઈ ડેટા પીસીમાં ડમ્પ ન થતાં મીટર બદલવું જરૂરી હોય, સદર મીટર બદલાવતા સમયે મીટર પેટી પરના સીલોને દૂર કરી પેઢીનું ઢાંકણ ખોલીને ત્રણેય સીટીનું વાયરીંગ ચકાસતા ઈનકમીગ મેઈન કેબલ ના R,Y,B ફેઈઝમાં ત્રણેય સીટીની પ્રાયમરી P1-P2 ના બદલે P1-P2 પરોવેલ છે. એટલે કે, ત્રણેય સીટીના કનેકશન રીવર્સ છે. આમ સીટી ના કનેકશન રીવર્સ હોવાના કારણે ઈમ્પોર્ટ ના યુનીટ એકસપોર્ટ માં અને એકસપોર્ટના યુનીટ ઈમ્પોર્ટ માં નોંધાય છે. જેથી તા.૨૧/૧૧/૨૦૨૩ ના રોજ વાદી ના પ્રતિનિધિશ્રી ની હાજરીમાં મીટર બદલીને વધુ લેબ પરીક્ષણ માટે પેપર પેક કરેલ છે.

૨.૩ તા.૨૪/૧૧/૨૦૨૩ ના રોજ વાદીની હાજરીમાં સદર મીટરનું ભાવનગર ગ્રામ્ય વિભાગીય કચેરીની લેબોરેટરી ખાતે લેબ પરીક્ષણ કરવામાં આવેલ. લેબ પરીક્ષણમાં સદર મીટરનો એકયુચેક ટેસ્ટ બરાબર છે. એટલે કે મીટર બરાબર છે. પરંતુ, તા.૨૪/૧૧/૨૦૨૩ ના રોજ ફરીથી એમઆરઆઈ ડેટા લીધેલ.જે પીસી માં ડમ્પ ન થતા

Redressal ... G.V.C.L. Bhavnagar

સદર મીટરના ડેટા ની .dat ફાઈલ મેન્યુફેકચરીંગ કંપનીમાં ઈ–મેલ થી મોકલાવેલ. જેમાં મેન્યુફેકચરીંગ કંપની દ્વારા ડેટા Retrive સકરી આપેલ. જે એમઆરઆઈ ડેટા માં TOD ડેટા નો અભ્યાસ કરતા એકસપોર્ટ યુનીટ TOD-2 ( સમય–૧૦ pm થી ૬ am ) માં રેકર્ડ થયેલ હતા. જે સમય નોન સોલાર હોય જે સમયમાં સોલાર એનર્જી રેકર્ડ થવી ન જોઈએ. પરંતુ, સદર મીટરમાં સીટી કનેકશન રીવર્સ હોવાથી TOD-2 માં એકસપોર્ટ માં એનર્જી રેકોર્ડ થયેલ છે. એટલે કે, એનર્જી નું રીવર્સ રેકોર્ડીગ થયેલ છે. જેથી તફાવતના ૬૮૦૪૦૯ યુનીટના તફાવતનું બીલ વાદીને આપવામાં આવે છે. જે વાદીએ ભરપાઈ કરવા પાત્ર થાય છે. તેમજ લેબ ચેકીગ શીટ નં–૫૩૦૧ તા.૨૪/૧૧/૨૦૨૩ મુજબ જનરેશન મીટરના છેલ્લા યુનીટ ૧૭૦૨૨૩ છે. અને બાયડાયરેકશનલ મીટર લગાડ્યા ત્યારથી તેમાં નોંધાયેલ બીલ એકસપોર્ટ યુનીટ ૭૧૩૦૩૧ છે. જે પરથી પણ સ્પષ્ટ થાય છે કે, વાદીના વીજ જોડાણમાં જનરેશન જ ૧૭૦૨૨૩ યુનીટનું થયેલ છે. તો એકસપોર્ટ યુનીટ ૭૧૩૦૩૧ કઈ રીતે હોઈ શકે. જેથી સીટીના રીવર્સ કનેકશન ના કારણે ઈમ્પોર્ટ ના યુનીટ એકસપોર્ટ માં અને એકસપોર્ટના યુનીટ ઈમ્પોર્ટમાં નોંધાયેલ છે. જે સ્પષ્ટ થાય છે. જેના કારણે જુન–૨૦૨૦ થી નવે–૨૦૨૩ દરમીયાન વાદીના વીજ બીલમાં રૂા.૧૨૭૧૭૩૭/૮૦ જમા આપવામાં આવેલ છ. જે ખરેખર વ્યાજ સહીત રીકવરી કરવા પાત્ર થાય છે. તેમજ ૬૮૦૪૦૯ યુનીટ તફાવત છે. જેનું બનવા પાત્ર વીજ બીલ રૂા.૫૨૭૯૨૫૮/૬૨ (જેમાં એનર્જી ચાર્જ રૂા.૩૧૨૯૮૮૧/૪૦, ફ્યુઅલ ચાર્જ રૂા.૧૬૩૩૪૮૬/૮૯ અને ઈડી ચાર્જ રૂા.૫૧૫૮૯૦/૩૩ ) થાય છે. જે વાદીને ટોટલ રૂા. ૬૫૫૦૯૯૬/૪૨ નું યુનીટ તફાવતનું બીલ છે. જે વીજ ચોરી કે વીજ ગેરરીતી નું નથી. જે બીલ રીવાઈઝ થવા પાત્ર નથી. જે આપને ભરપાઈ કરવા પાત્ર થાય છે.

૨.૪ વિશેષમાં જીઈઆરસી નોટીફીકેશન નં–૩ ઓફ ૨૦૧૫ ની કલમ–૬.૩૩ મુજબ, '' The licensee shall dispatch the test report to the consumer, to be received under acknowledgment within two working days of the date of testing. In Case of faulty meter, rectification for a maximum period of six months or from the date of last testing, whichever is shorter, on the bases of the test report, shall be adjusted in the subsequent bill. '' જે મુજબ મીટર ફોલ્ટી હોય તો જ લાગુ પડે છે. આ કેસમાં મીટર ફોલ્ટી નથી. પરંતુ, મીટર સાથે જોડાયેલ ત્રણેય સીટીના રીવર્સ કનેકશન ના કારણે ઈમ્પોર્ટના યુનીટ એકસપોર્ટમાં અને એકસપોર્ટના યુનીટ ઈમ્પોર્ટમાં નોંધવા પામેલ છે. જે યુનીટ તફાવતનું બીલ આપવામાં આવેલ છે. જે રીવાઈઝ થવા પાત્ર નથી.

The Electricity Act-2003 ના સેકશન 56(2) નીચે મુજબ છે. '' Notwithstanding anything contained in any other law for the time being in force, no sum due from any consumer, under this section shall be recoverable after the Period of Two years from the date when such sum became first due unless such sum has been shown continuously as recoverable as arrear of charges for electricity supplied and the licensee shall not cut off the supply of the electricity. ''

સદર બાબતે જણાવવાનું કે, વાદીને આપવામાં આવેલ પુરવણી બીલ પ્રથમ વારનું જ છે અને જે સતત ૨ વર્ષથી એરીયર્સ તરીકે નથી જેથી આ કેસમાં The Electricity Act-2003 ના સેકશન 56(2) લાગુ પડતું નથી. જેથી આપવામાં આવેલ યુનીટ તફાવતનું બીલ વાદીએ આપને ભરપાઈ કરવાપાત્ર છે.

વધુમાં, જો આપ સદર પુરવણી બીલ ભરપાઈ કરવામાં નિષ્ફળ જશો તો કંપનીના નિયમ મુજબ વધુ આગળની કાર્યવાહી કરવાની ફરજ પડશે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી વળીયા ખીમજીભાઈ નાનજીભાઈ મું.વાળુકડ, જી.ભાવનગર દ્વારા તેમના એલટીએમડી કનેકશન નં– ૩૬૭૨૭/૦૦૮૩૨/૯ માં પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા તા.૦૧/૧૨/૨૦૨૩ ના રોજ આપવામાં આવેલ રૂ.૬૫૦૯૯૬/૪૨ ના સપ્લીમેન્ટરી બીલ સામે તકરાર થતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજીની રૂબરૂ સુનાવણી આજરોજ તા.૧૦/૦૧/૨૦૨૪ ના રોજ રાખવામાં આવેલ. જેમાં બંને પક્ષોએ હાજર રહી તેમની મૌખિક તેમજ લેખિત રજૂઆતો કરી ડોકયુમેન્ટસ રજૂ કરેલ છે.

૩.૩ પ્રસ્તુત કેસની વિગત મુજબ વાદીનું મૂળભુત એલટીએમડી કનેકશન ૯૦ કિવોનું તા.૩૦/૧૨/૨૦૦૪ થી ધરાવે છે. જેમાં તા.૨૦/૦૬/૨૦૨૦ થી યુનીડાયરેકશનલ મીટર બદલીને બાયડાયરેકશનલ મીટર લગાડવામાં આવેલ હતું. પ્રતિવાદીના કર્મચારી દ્વારા મીટર બદલવું જરૂરી હોય, સદર મીટર બદલાવતા સમયે મીટર પેટી પરના સીલોને દૂર કરી પેટીનું ઢાંકણ ખોલીને ત્રણેય સીટીનું વાયરીંગ ચકાસતા ઈનકમીગ મેઈન કેબલ ના R,Y,B ફેઈઝમાં ત્રણેય સીટીની પ્રાયમરી P1-P2 ના બદલે P1-P2 પરોવેલ છે. એટલે કે, ત્રણેય સીટીના કનેકશન રીવર્સ છે. આમ સીટી ના કનેકશન રીવર્સ હોવાના કારણે ઈમ્પોર્ટ ના યુનીટ એકસપોર્ટ માં અને એકસપોર્ટના યુનીટ ઈમ્પોર્ટ માં નોંધાય છે. જેથી તા. ૨૧/૧૧/૨૦૨૩ ના રોજ વાદી ના પ્રતિનિધિશ્રી ની હાજરીમાં મીટર બદલીને વધુ લેબ પરીક્ષણ માટે પેપર પેક કરેલ છે.

ઉપરોક્ત ભૂલને કારણે વાદીના ખાતામાં રકમ ખોટી રીતે જમાં થતી હતી, આ અંગે પ્રતિવાદી દ્વારા ચેકિંગ પણ કરવમાં આવેલ પરતું ખામી ધ્યાન પર આવેલ ન હતી.

૩.૪ સુનાવણી દરમ્યાન વાદી દ્વારા રાજકોટ – સીજીઆરએફ તેમજ લોકપાલના ચુકાદાઓ ફોરમને રજૂ કરેલ છે. જયારે પ્રતિવાદી દ્વારા પણ ચુકાદાઓ અને સુપ્રીમ કોર્ટનો ઓર્ડર રજુ કરવામાં આવેલ જેને પણ ફોરમે ધ્યાનમાં લીધેલ છે.

**પ્રસ્તુત કેસમાં ફોરમ દ્વારા લીમીટેશન એકટ ના ચેપ્ટર ન. ૧૭ Fraud and Mistake ના ક્લોઝ ન. ૧૭.૧ જે નીચે મુજબ છે તેને પણ ધ્યાને લીધેલ છે.**

"In general, a peron's ignorance of his right to sue does not suspend the running of limitation. However, it has been recognised for a long time that "the right of a party defrauded is not affected by lapse of time......so long as he remains, without any fault of his own, in ignorance of the fraud which has been committed". Acting on this principle, section 17 provides that in the case of certain types of fraud, the period of limitation shall not start running until the fraud has been discovered. This, of course, is only a broad statement of the principle, several matters of detail which are dealt with in the section will be mentioned in due course.
More or less the same principle is applied by the Act where relief from the consequences of a mistake is the very basis of the cause of action, the period of limitation shall not begin to run until the plaintiff or applicant has discovered the mistake...."

જે મુજબ વાદીને આપવમાં આવેલ બીલ કોઈ પુરવણી બીલ કે દંડ નું નથી પરંતુ અગાઉના બીલોમાં થયેલ ગણતરીની સુધારણા માટેનું છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

વધુમાં સામાવાળાએ અરજદારનો જે વીજ વપરાશ ઓછો નોંધાયેલ છે, તેનું નિયમિત દરે જ પુરવણી બીલ આપેલ અગાઉના સમયગાળાની ભૂલ સુધારણાના ભાગ રૂપે સદર પુરવણી બીલ 89th REPORT OF LAW COMMN OF INDIA ON THE LIMITATION ACT-1963 (Chapter -17 Section-17- i.e. Fraud and Mistke v CLAUSE NO : 17 (1) ની બાબતો હેઠળનું છે.

૩.૫ ઉપરોક્ત વિગતો, રજુ થયેલ રેકર્ડ અને રજુઆતો ને ધ્યાને લેતા ફોરમ એવા તારણ પર આવે છે કે, પ્રતિવાદીના સંબંધીત અધિકારી દ્વારા પ્રથમ મીટર વાયરીંગ સમયે અને ત્યારબાદ મીટર ચકાસણી સમયે અક્ષમ્ય ભુલ થઈ છે. પ્રતિવાદી દ્વારા જીઈઆરસીના સપ્લાય કોડ મુજબ નિયમીત સમયે યોગ્ય ચેકીંગ પણ હાથ ધરવામાં આવેલ નથી. અન્યથા, મીટરના ત્રણેય સીટીના રીવર્સ કનેકશનની ભૂલ વહેલી ઘ્યાન પર આવેલ હોત અને ઈમ્પોર્ટના યુનીટ એકસપોર્ટમાં અને એકસપોર્ટના યુનીટ ઈમ્પોર્ટમાં નોંધાવાની ભૂલ વહેલી નીવારી શકાય હોત.

૩.૬ આથી, હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદી દ્વારા જુન–૨૦૨૦ થી નવે–૨૦૨૩ ના તફાવતના યુનીટનું જે પુરવણી બીલ રૂા. ૬૫,૫૦,૯૯૬/૪ આપેલ છે તે યોગ્ય જણાય છે અને વસુલાત ને પાત્ર છે. બીલ ની રકમ જોતા તે ભરપાઈ કરવા માટે 3 ત્રણ હપ્તા કરવા તેમજ તેની વસુલાત જે તે મહિનાના નિયમિત વીજ બીલ સાથે કરવા હુકમ કરવામાં આવે છે.

આ તબકકે પ્રતિવાદીને આ કામમાં અક્ષમ્ય બેદરકારી દાખવનાર અધિકારી પર શિસ્તભંગના પગલા લઈ ફોરમને જાણ કરવા જણાવવામાં આવે છે.

**–:: હુકમ ::**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(બી.આર.વડાવીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :– **૧૦/૦૧/૨૦૨૪.**